# પોલીસ અકાદમી કરાઈ ખાતે દીક્ષાંત પરેડ સમારોહ યોજાયો




## રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત પોલીસમાં ૫૦ હજારથી વધુ લોકરક્ષક પોલીસ જવાનોની ભરતીઃઆવનારા દિવસોમાં વધુ ૧૨ હજાર લોકરક્ષકની ભરતી કરાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક કરાઈ સ્થિત ગુજરાત પોલીસ અકાદમીના પરેડ ગ્રાઉન્ડ ખાતે આજે ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં બિન હથિયારી લોકરક્ષક બેચ નંબર-૧૩ના ૪૩૮ તાલીમાર્થીઓનો દીક્ષાંત પરેડ સમારોહ યોજાયો હતો. પોલીસ કલર્સ મેડલથી નવાજીત 'ગુજરાત પોલીસ'નો હિસ્સો બની રહેલા આ તમામ દીક્ષાર્થી લોકરક્ષકોને અભિનંદન આપી ગૃહ રાજ્યમંત્રીએ ખાખીની ખુમારીનું જતન અને સમાજની સેવા સાથે આધુનિક ટેકનોલોજી સાથે કદમ થી કદમ મિલાવીને ગુજરાતને ઉત્તમ થી સર્વોત્તમ તરફ લઈ જવાના રાજ્ય સરકારના સંકલ્પની દિશામાં પ્રયત્નશીલ રહેવા આહવાન કર્યું હતું.

ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને યાદ કરતા જણાવ્યું હતું કે મોદીએ કહ્યું છે તેમ હવે દેશ અને રાજ્યની પોલીસે સ્માર્ટ હોવું જરૂરી છે. સ્માર્ટ એટલે જી- સેન્સેટિવ, સ- મોબાઈલ એન્ડ મોડર્ન, છ- એકાઉન્ટેબલ એન્ડ એલર્ટ, ઈ- રિસ્પોન્સિબલ એન્ડ રિલાયેબલ અને T- ટેકનોસેવી. એવી જ રીતે હવે પોલીસે તેનાથી પણ વધુ એક કદમ આગળ સ્માર્ટની સાથે સાથે શાર્પ પણ હોવાની જરૂર છે. સોશિયલ મીડિયાના આ જમાનામાં વાઈફાઈના ઉપયોગ થકી હાઈ ફાઈ બનેલા ગુનેગારોની સામે પોલીસે પણ સ્માર્ટ અને શાર્પ બનવું જરૂરી છે અને તે બાબતને ધ્યાને રાખીને આ અકાદમી મારફત તમામ દીક્ષાર્થીઓને ખૂબ જ બારીકાઈથી તમામ વિષયોની તાલીમ આપીને તાલીમબદ્ધ કર્યા છે તેનો મને ગર્વ છે.

જાડેજાએ ઉમેર્યું કે, ગુજરાતને ઉત્તમ થી સર્વોત્તમ બનાવવાની દિશામાં રાજ્ય સરકાર પૂરતા પ્રયત્નો કરી રહી છે તેમાં તમામ દીક્ષાર્થીનું યોગદાન પણ વિશેષ રહેવાનું છે. આજે દેશ-વિદેશના ઉધોગપતિઓ ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા માટે કરોડો-અબજો રૂપિયા ઈન્વેસ્ટ કરવા માટે આવી રહ્યા છે તેનું એક કારણ ગુજરાત રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ છે. અને તેની માટે ગુજરાત પોલીસ અભિનંદનને પાત્ર છે જેનો તમામ દીક્ષાર્થી લોકરક્ષક આજથી અભિન્ન અંગ બન્યા છે. કોરોનાની આ વિપરીત પરિસ્થિતિમાં પણ તાલીમબદ્ધ થઈ નાગરિકોના રક્ષણ અને તેમની સેવા માટે તૈયાર થયેલા દીક્ષાર્થીને અભિનંદન પાઠવી પરિવારનું અને ગુજરાતનું નામ ઉજ્જવળ કરવા આહવાન કર્યું હતું.

મંત્રીએ ઉમેર્યું કે, ગુનેગારોની સામે ગુજરાત પોલીસ તંત્ર પણ ટેકનોસેવી બને તે માટે સરકારે પોકેટ કોપના માધ્યમથી પોલીસ તંત્રને સજજ કર્યું છે. એટલું જ નહીં રાજ્ય સરકારે રાજ્યમાં વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ૭,૦૦૦ જેટલા સીસીટીવી કેમેરા લગાડી રાજ્યને વધુ સુરક્ષિત બનાવ્યું છે. સમગ્ર ટેકનોલોજીકલ અપગ્રેડેશનનો લાભ ત્યારે જ મળી શકશે જ્યારે પાયાના લોકરક્ષક જવાનો અપગ્રેડ હોય. અને મને ગર્વ છે કે આ તાલીમ શાળામાંથી તૈયાર થયેલા તમામ લોકરક્ષક જવાનોએ અત્યાધુનિક ટેકનોલોજી સાથે યોગ્ય તાલીમ થકી પોતાની સ્કીલ અપગ્રેડ કરી છે.

## જન્મદિને વધામણી



**ભરતકુમાર એ પાઠક**
નિવૃત્ત નાયબ સચિવ
મો. ૯૮૯૮૦ ૪૩૪૫૨



**જયદીપ શર્મા**
મો. ૯૯૨૪૧ ૮૪૦૯૧



**ધ્રુવભાઈ જોષી**
નિવૃત્ત, ડીસીએફ



**જાહ્નવી ઉમંગ**
લાયોનેસ ક્લબ



**જાહ્નવીબા ઝાલા**
મો. ૯૮૨૫૩ ૭૫૧૭૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક





**એસ.એસ.વી. કેમ્પસ વિદ્યાર્થીઓને આવકારવા માટે સજ્જ....**

ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શાળા શરૂ કરવાની સરકારની જાહેરાત પછી, ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી. કેમ્પસે વિદ્યાર્થીઓને આવકારવા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. છેલ્લા નવ માસથી વિદ્યાર્થીઓ વગર સૂમસાન બનેલી શાળા ૧૧મી જાન્યુઆરી થી ફરી શરૂ થવા જઈ રહી છે. તો તે માટે શાળા દ્વારા શાળાની સાફ સફાઈ સાથે શાળાને પૂરેપૂરી સેનિટાઈઝ કરાવાની પણ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સરકારની ગાઈડલાઈન પ્રમાણે શાળા વિદ્યાર્થીઓની સલામતી માટેના પૂરતાં પગલાં લેવા સજ્જ છે.

# મહાન વૈજ્ઞાનિક સ્ટિફન હોકિંગના મિત્ર એવા ગુજરાતના અભિજ્ઞ જોશી સાથે આજે વાર્તાલાપ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં વર્ષ દરમિયાન વિવધ વૈજ્ઞાનિકોની જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે અને તેમની સેવાઓને યાદ કરવામાં આવે છે. જેનાથી વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષય પ્રત્યે રસઅને રૂચી કેળવાય છે તેમજ તેમને વિજ્ઞાનક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહન મળે છે.

મહાન મહાન વૈજ્ઞાનિક સ્ટિફન હોકિંગનો જન્મ ૮ જાન્યુઆરી ૧૯૪૨ ના રોજ ઓક્ષફર્ડ, યુ,કે માં થયો હતો. આજે તેઓનો જન્મ દિવસ છે.જેના અનુસંધાનમાં નિસર્ગ સાયંસ સેન્ટર દ્વારા આ મહાન મહાન વૈજ્ઞાનિકના જીવન વિષે તેમજ તેમને કરેલી શોધો વિષે વિદ્યાર્થીઓને માહિતી મળે તે હેતુથી મૂળ રાજકોટના પણ ગાંધીનગરમાં અભ્યાસ કરતા સ્ટિફન હોકિંગના મિત્ર એવા ગુજરાતના ગૌરવ અભિજ્ઞ જોશી સાથે વેબીનારના માધ્યમથી વાર્તાલાપ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.અભિજ્ઞ જોષી એ સ્ટિફન હોકિંગની બ્લેક હોલ વિશેની રેડીયેશન થીયેરીને પડકારતું એક રિસર્ચ પેપર (બ્લેક હોલ ઈન્ફોર્મેશન પેરાડોક્સ) અમેરિકન ફીઝીકલ સોસાયટીને મોકલેલ હતું. તેના કારણે સ્ટિફન હોકિંગે ૨૦૧૬ માં અભિજ્ઞ જોશીને તેના જન્મ દિવશે જાતેજ ફોન કર્યો તેમની આ મિત્રતા સ્ટિફન હોકિંગના નિધન સુધી ચાલુ રહી.૨૦૧૬-૧૭ માં પ્રો. સ્ટિફન હોકિંગની ટીમ ઉત્તર આરકેટીકમાં જવાની હતી તેમાં પણ અભિજ્ઞને આમંત્રણ મળ્યું હતું. સ્ટિફન હોકિંગ તેને લાડથી "એબી બેબી ફિઝીશિષ્ટ તરીકે બોલાવતા" ફોન પર તેઓ અનેક વખત અભિજ્ઞ સાથે સમસ્યાઓની ચર્ચા કરતા અને તેના જવાબો સાચા પડે ત્યારે અભિનંદન પણ આપતા. અભિજ્ઞ જોશી પ્રો.સસ્કીન્ડ,નાસાના જેમ્સ ફિશર, રફેલ બૂસો જેવા ખ્યાતનામ વૈજ્ઞાનિકોના સંપર્ક માં પણ છે.

આવા યુવા વૈજ્ઞાનિક સાથે વિદ્યાર્થીઓ વાર્તાલાપ કરી શકે તે માટે આ વેબીનારનું આયોજન zoom અને YouTube(Nisarg Community Science Centre,Gandhinagar)ના માધ્યમ દ્વારા તા.૦૮/૦૧/૨૦૨૧ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે કરવામાં આવ્યું છે. નિસર્ગ સાયંસ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને આ વેબીનારમાં જોડાવવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ વેબીનારની વધુ માહિતી માટે -૯૪૨૬૪૫૧૧૦૨, ૯૦૯૯૩૮૨૯૩૬ પર સંપર્ક કરવો.

# સાદરા ગામમાં કોવિડ-૧૯ રસીકરણ જાગૃતિ અભિયાન હાથ ધરાયું

ચિલોડા, તા. ૭

સાદરા ગામના મહિલા મંડળ તેમજ ગૂજરાતવ વિદ્યાપીઠ - મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના તબીબ ચિકિત્સક ડૉ. નયનેશ વસાવા આયોજિત સાદરા ગામની મહિલા માટે કોવિડ-૧૯ પ્રતિકારક રસીકરણ જાગૃતિ અભિયાન હાથ ધરાયું હતું.




સંકુલના સંયોજક રમેશભાઈ પટેલએ કોરોના સંક્રમણથી ડરવાની જરૂર નથી. કોરોના સંક્રમણને હરાવવાની જરૂર છે. દો ગજ કી દૂરી, માસ્ક પહેરી, વારંવાર હાથ ધોઈ, સાવધાન રહેવાની જરૂર છે. તે અંગે વાર્તાલાપ કર્યો હતો. ગ્રંથપાલ જગદીશ પરીખે કોરોના જાગૃતિ અંગેનું ગીત ગાયું હતું. ડૉ. બળદેવભાઈ મોરીએ આભાર દર્શન કર્યું હતું. શિત્રણ સંચાલિકા શ્રીમતી ઈન્દિરાબેન પટેલએ કોવિડ-૧૯ રસીકરણ જાગૃતિ અભિયાન હાથ ધરવા માટેની ગોઠવણ કરી આપી હતી.

# iCreate અને ગિફ્ટ એસઈઝેડએ ફિનટેક ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ તકોને પ્રોત્સાહન આપવા સહયોગ કર્યો

ગાંધીનગર, તા. ૭

ફિનટેક ક્ષેત્રે ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવા માટે અમદાવાદ સ્થિત ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ટેક્નોલોજી એન્ડ આંત્રપ્રિન્યોરશીપ (iCreate) અને ગિફ્ટ એસઈઝેડ વચ્ચે આજે સમજૂતી કરાર (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં.

iCreate ભારતનું અગ્રણી સ્ટાર્ટઅપ ઈક્યુબેટર છે અને ગિફ્ટ ભારતનું પ્રથમ ઓપરેશનલ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી) છે. આ સમજૂતી કરારનો ઉદ્દેશ્ય ફિનટેક ક્ષેત્રે ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વચ્ચે સહયોગ માટે એક સક્ષમ પ્લેટફોર્મની રચના કરવાનો છે. તે ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ખાતે ફિનટેક હબની સ્થાપના કરવાનો પણ હેતુ ધરાવે છે.

ગિફ્ટ એસઈઝેડના ડાયરેક્ટર અને સીઈઓ શ્રી તપન રે અને iCreateના સીઈઓ અનુપમજાલોટે દ્વારા ગિફ્ટ સિટી ગાંધીનગરમાં સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કરાયાં હતાં.


ગિફ્ટ એસઈઝેડના ડાયરેક્ટર અને સીઈઓ શ્રી તપન રે એ કહ્યું હતું કે, ગિફ્ટ સિટીનો ઉદ્દેશ્ય તકનીકી સંચાલિત ફાઈનાન્સિયલ સર્વિસિસ ઈકોસિસ્ટમ વિકસાવવાનો છે. મજબૂત ફિનટેક ઈકોસિસ્ટમનો વિકાસ વૈશ્વિક ફાઈનાન્સિયલ સેન્ટરની સફળતાનું મુખ્ય ચાલકબળ બની રહેશે. આજે iCreate સાથે એમઓયુ આ દિશામાં પ્રથમ પગલું છે. અમે ગુજરાત સરકાર સહિત તમામ હિસ્સેદારોના આભારી છીએ કે જેમણે ગિફ્ટ સિટીમાં ફિનટેક કંપનીઓ અને ફિનટેક પ્રતિભાઓને આકર્ષવામાં નક્કર પ્રયાસો કરી રહ્યાં છે.

iCreateના સીઈઓ અનુપમ જાલોટેએ કહ્યું હતું કે, સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમમાં ફિનટેક સૌથી મોટા વર્ટિકલ્સ પૈકીનું એક છે. નિયામકો, બેંકો, વીમા કંપનીઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓની નિકટતા ફિનટેક ઈકો-સિસ્ટમની સફળતા માટે મહત્વપૂર્ણ છે. ગિફ્ટ આ માટે યોગ્ય માહોલ પ્રદાન કરે છે. સ્ટાર્ટ-અપ્સને બળ આપવામાં અને ટેકને સફળ બિઝનેસમાં પરિવર્તિત કરવાની iCreate ની કુશળતાસાથે અમારું મક્કમપણે માનવું છે કે આ સહયોગથી સમગ્ર ઈકોસિસ્ટમને લાભ થશે તેમજ ગિફ્ટ આઈએફએસસી અન્ય ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર્સ સાથે મજબૂતાઈથી સ્પર્ધા કરવા સક્ષમ બનશે.

આ એમઓયુ વિશ્વના સૌથી ઈનોવેટિવ ફિનટેક હબ વિકસાવવાના વિઝન આધારિત છે, જે વિશ્વના સૌથી સ્પર્ધાત્મક ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર (આઈએફસી)ની રચના માટે ટેક અને ઈનોવેટિવ સોલ્યુશન્સ પ્રદાન કરે છે. તેનાથી ફિનટેક ક્ષેત્રે નવી પેઢી સક્ષમ બનશે, મજબૂત ફિનટેક ઈકોસિસ્ટમની રચના થશે અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ફિનટેક કંપનીઓની રચના થશે.







**જીવનવ્યવહારના લેશનની એક્ટીવીટી**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વી.એમ.પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી પટેલ કન્યા બાલમંદિરમાં જુ.કેજીમાં અભ્યાસ કરતા નાના-નાના ભૂલકાઓએ જીવનમાં ઉપયોગી એવા જીવનવ્યવહારના લેશનના ભાગરૂપે બાળકોને વાલીમિત્રોના સહકારથી ઓનલાઈન વટાણા ફોલવાનીપ્રવૃતિમાં ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો તેમજ વટાણામાંથી શું-શું બને તે વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રવૃત્તિનું સફળતાપૂર્વકનું આયોજન પ્રિન્સીપાલ - રામી મિનાક્ષીબેન પૂરું પાડ્યું હતું.

# ભાવેશ પટેલની ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશનના વાઈસ પ્રેસીડન્ટ તરીકે વરણી

ગાંધીનગર, તા. ૬

તાજેતરમાં જ પ્રથમ વખત ઓનલાઈન યોજાયેલ ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશનની ચૂંટણીમાં અજયભાઈ પટેલની પેનલનો ભવ્યાતિ ભવ્ય વિજય થયેલ છે અને ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના સી.ઈ.ઓ. ભાવેશ પટેલની ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશનના વાઈસ પ્રેસીડન્ટ તરીકે વરણી થયેલ છે. ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના સેક્રેટરી રહી ચૂકેલ અને હાલમાં સી.ઈ.ઓ.ના હોદ્દા પર રહેલ ભાવેશ પટેલના નેજા હેઠળ ચેસ ક્ષેત્રે ગુજરાત રાજયએ હરણફાળ



ભરેલ છે. તેઓના નેજા હેઠળ ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશને અનેક નેશનલ તેમજ ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરેલ છે. ભાવેશ પટેલની દુરંદેશી સૂઝબુઝ અને ચેસની રમત પ્રત્યેના લગાવના પરિણામે જ ગુજરાત રાજયમાં છેલ્લા બે વર્ષથી ગ્રાન્ડ માસ્ટર્સ ઈન્ટરનેશનલ ચેસ ટુર્નામેન્ટનું પણ સફળતાપૂર્વક આયોજન થઈ રહ્યું છે. ગુજરાત રાજયમાં ચેસ રમતા ખેલાડીઓના સર્વાંગી વિકાસમાં ભાવેશભાઈનું અભૂતપૂર્વ યોગદાન છે. તેઓની અદ્‌ભુત, પ્રશંશનીય અને ચેસના ખેલાડીઓના હીતમાં નિર્ણય લેવાની નિતીના ફળસ્વરૂપ તેઓ ઓલ ઈનડિયા ચેસ ફેડરેશનની ચૂંટણીમાં દ્વીતીય સર્વાધીક મત પ્રાપ્ત કરનાર પ્રતિનિધિ બન્યા હતા અને વાઈસ પ્રેસીડન્ટ તરીકે વરણી કરવામાં આવી હતી. અજયભાઈની જ પેનલના અન્ય સભ્યો ડૉ. સંજય કપૂર (પ્રેસીડન્ટ), ભારતસિંધ ચૌહાણ (સેક્રેટરી) તેમજ નરેશ શર્મા (ટ્રેઝરર) તરીકે ઓલ ઈન્ડિયા ચેસ ફેડરશેનમાં ચૂંટાઈ આવ્યા છે. ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના પ્રતિનિધીઓ તેમજ ખેલાડીઓ દ્વારા શ્રીઅજયભાઈ પટેલ તેમજ ભાવેશભાઈ પટેલને તેમની આ સિધ્ધી બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ભાવેશભાઈ પટેલનું ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના પ્રતિનિધિઓ દ્વારા અમદાવાદ એરપોર્ટ ખાતે ફૂલ-હાર દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું.

# ઈસનપુર મોટા ખાતે શ્વાન માટે ૨૦૦ કિલોના ચોખ્ખા ઘીના લાડુ બનાવાયા

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ખાતે સેવા અને કાર્યરત સંસ્થા ગોપાલ મંડળની બહેનો દ્વારા ચોખ્ખા ઘીના ૨૦૦ કિલો લાડુ બનાવાયા હતા. ગ્રામ્યવિસ્તારોમાં કૂતરાઓને થતો ખસનો રોગથી ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. ત્યારે કૂતરાનાં લાડુમાં ખસની ગોળીઓ બનાવી અંદર મૂકી કૂતરાઓ રોગમુક્ત બને તેવો નવતર પ્રયોગ વિશેષ પ્રયોગ હાથ ધરાયો હતો.

